# બાજખેડાવાળ પત્રિકા

बाजखेडावाल पत्रिका **Bajkhedawal Patrika**


વર્ષ : ૧૮ ૨૦૨૪ : ઓગષ્ટ
અંક : ૮ માસિક : રૂ. ૫/-



**: તંત્રી :**

**શ્રી જગતભાઈ એચ. દવે**

૨, સરદાર પટેલ સોસાયટી, કરમસદ રોડ,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦. (મો.) ૯૯૨૫૯૪૬૬૦૪



**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮
મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭
કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

## ચાલો.... ચાલો.... ચાલો....૩૫મું રાષ્ટ્રીય અધિવેશન
## તા. ૨૯-૧૨-૨૦૨૪ને રવિવાર
## ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી ઓડીટોરીયમ - વસ્રાલ

સમગ્ર બાજખેડાવાળ સમાજની સૌથી વધારે વસ્તી ધરાવતાં એવા અમદાવાદ શહેરમાં આગામી ૩૫મું રાષ્ટ્રીય અધિવેશન યોજાનાર છે. આ અધિવેશનમાં ૧૧૫૦ની હોલની કેપેસીટી છે આયોજકોને અધિવેશનના પાસ આપવાની ના પાડવી પડે અને અધિવેશન સ્થળ સંપૂર્ણ હાજરીથી ભરાઈ જાય તે જોવાની ફરજ હવે અમદાવાદ શહેરના જ્ઞાતિજનોની છે. આણંદ, નડિયાદ, વસો, મહેમદાવાદ, મહુધા જેવા ગામોએ ૪૦૦નું વિતરણ કરી દીધેલ છે જેની આ તબક્કે નોંધ લઈ વહેલી તકે અધિવેશનમાં આપનું રજીસ્ટ્રેશન કરાવી પાસ મેળવી લેવા યોગ્ય કરશો. અમદાવાદમાં શ્રી પ્રાણશંકરભાઈ હોલ ખાતે તથા શ્રી શૈલેષભાઈ જોષી પાસેથી મળશે. વહેલી તકે આપ પાસ મેળવી લેશો.

આ અધિવેશન હોલની દૃષ્ટિએ, સંખ્યાની દૃષ્ટિએ અને અન્ય વ્યવસ્થાઓમાં 'ન ભૂતો ના ભવિષ્યતિ' બનશે તેની અમો ખાતરી આપીએ છીએ.

સમગ્ર વિશ્વવિખ્યાત એવા કી-નોટ સ્પીકર તરીકે સંજયભાઈ રાવલ ઉપસ્થિત રહેવાના છે. તેમની વાણીનું આપણને રસપાન કરવાનું મળશે સાથે સાથે બપોર પછીના સેશનમાં સલીમભાઈ મલિકની ઓરકેસ્ટ્રા 'વોઈસ ઓફ મુકેશ'નું પણ આપણા મનોરંજન માટે ગોઠવણ કરેલ છે. સવારનો નાસ્તો, બપોરનું ભોજન, બપોરની ચા તથા પ્રોગ્રામ પછીનો અલ્પાહાર આ તમામ વ્યવસ્થાઓ વતી આપની પાસે માત્ર રૂ. ૧૦૦/- જ ટોકન પેટે સંસ્થા દ્વારા લેવામાં આવે છે.

સામાન્યત: દરેક સમાજના મેળાવડા, અધિવેશનો દર વર્ષે વર્ષમાં એક વખત થતાં હોય છે. એ આયોજકોને હોલની કેપીસીટીને ધ્યાનમાં રાખીને જ્ઞાતિજનોને ના પાડવી પડતી હોય છે. એ અનુભૂતિ આ વખતે અમદાવાદમાં થાય એવી અમારા સૌની અપેક્ષા છે તો આપશ્રી આટલું એડવાન્સમાં નક્કી હોવાથી આપનો કિંમતી સમય ફાળવી વહેલી તકે આપના પાસ મેળવી લઈ આપની પ્રત્યક્ષ હાજરી અમોને પ્રોત્સાહિત કરશે.

આપના સહકારની અપેક્ષા સહ....આભાર સહ....

**કિરીટકુમાર એમ. દવે-પ્રમુખ** **સમીરભાઈ દવે-મંત્રી**

**સર્વ ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ**

# તંત્રી લેખ...

## આખી બારાખડીનો મતલબ....

### જીવન જીવવાની સાચી રીત આ બારાખડીથી માણીએ....

"ક" કદી રિસાવું નહિ.
"ખ" ખરાબ લગાવવું નહિ.
"ગ" ગરમ મિજાજ રાખવો નહિ.
"ઘ" ઘરને મંદિર બનાવી રાખવું.
"ચ" ચતુરાઈ બધે ના દાખવવી.
"છ" છલ ક્યારેય ન કરવું.
"જ" જનમ સફળ કરવો.
"ઝ" ઝંખના સારી વસ્તુની રાખવી.
"ટ" ટકાટક રહેવું.
"ઠ" ઠપકો મોટાનો સાંભળી લેવો.
"ડ" ડર ભગવાનનો રાખવો.
"ઢ" ઢગલા બંધ કામમાં કંટાળો ના કરવો.
"ત" તરફદારી સાચાની કરવી.
"થ" થકાવટ મહસૂસની કરવી.
"દ" દર્દને નજર અંદાજ કરી.
"ધ" ધરમમાં રૂચિ ધરાવો.
"ન" નફટાઈ ક્યારે ન કરવી.
"પ" પક્ષપાત ના કરવો.
"ફ" ફસાવવા નહિં કોઈને.
"બ" બમણું આપતા શીખો.
"ભ" ભગવાનનો પાડ માનવો.
"મ" મરજી મુજબ ના વર્તવું.
"ય" યશ માટે ના જીવવું.
"ર" રસ્તા ખોટાં ના અપનાવવા.
"લ" લક્ષ્ય પાક્કું રાખવું.
"વ" વગર પૂછે જવાબ ન આપવો.
"શ" શરમનું ઘરેણું પહેરી રાખવું.
"સ" સરસ વાણી બોલવી.
"ષ" ષડયંત્ર ના રચવું.
"હ" હસતું મુખ રાખવું.
"ળ" કદાપી ફળની અપેક્ષા ન રાખવી.
"ક્ષ" ક્ષમા વીરસ્ય ભૂષણમ્
"જ્ઞ" જ્ઞાન હંમેશા વહેંચવાથી વધે.

બહુ સમય બાદ રાખી બારાખડીનો મતલબ જોવા મળ્યો.
આ બનાવવાવાળા એ પોતાની બુદ્ધિનો ખૂબ જ ચતુરાઈપૂર્વક ઉપયોગ કર્યો છે.

**સંકલન – તંત્રી – શ્રી જગતભાઈ દવે**
**શ્રી અ.ભા.બા.ખે.હિ. સભા, અમદાવાદ**

# પ્રમુખ સ્થાનેથી

## વિશિષ્ટ સહાય અંગેની ખૂબ અગત્યની જાણકારી

દર ત્રણ વર્ષે વિશિષ્ટ સહાય ફંડના લાભાર્થી બહેનો પાસે આપણે નિયમિત રીતે ફોર્મ ભરાવી માહિતી મંગાવતા હોઈએ છીએ ચાલુ સાલે પણ આ માહિતી મંગાવેલ હતી. કુલ ૫૬ બહેનોને ફાર્મ ભરવા મોકલી આપેલ જેમાંથી ૩૮ ફોર્મ જ ભરાઈને પરત આવેલ ૯ નવી અરજીઓ આવેલ હતી આમ તા. ૩૧–૦૩–૨૪ના રોજ કુલ ૪૭ ફોર્મની ચકાસણી થયેલ જે પૈકી ૩૪ ફોર્મ મંજૂર કરવામાં આવેલ.

સામાન્ય રીતે અરજીઓ નામંજૂર થવાના કારણે નીચે મુજબના હોય છે.

(૧) ૬૦ વર્ષની ઉંમર ના થઈ હોય (૨) બાળકો કમાતા હોવા છતાં અરજીઓ કરી હોય. (3) નિયમોથી વધારે આવક હોય (૪) સંસ્થાએ માંગેવલ ડોકયુમેન્ટ પૂરતા ન હોવાને કારણે (૫) છેલ્લા ઘણાં વર્ષોથી વિધવા–ત્યક્તા બહેનો ૬૦ વર્ષથી નાની ઉંમરની હોય તેવી બહેનોના બાળકો અભ્યાસ કરતા હોય તેઓને શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળીમાંથી ફી સહાય પેટે રૂ. ૧૨૦૦૦/–ની મર્યાદામાં રહી અરજીઓ મંગાવવામાં આવે છે અંદાજિત ૬ બહેનોને દર વર્ષે આ લાભ આપવામાં આવે છે. સંખ્યા વધ–ઘટ થતી હોય છે.

સંસ્થા દ્વારા નિયત ફોર્મેટમાં રહી જરૂરીયાતમંદ બહેનોને વિશિષ્ટ સહાય આપવામાં આવે જ છે ઘણી વખત ગામેગામના હોદ્દેદારો દ્વારા નિયમોની ખબર હોવા છતાં પોતાના અંગત સંબંધો સારા રાખવા માટે લાભાર્થીને સાચી માહિતીથી વાકેફ કરતાં નથી અને ફોર્મ મોકલી આપે છે.

ત્યારબાદ સંસ્થા દ્વારા ફોર્મ નામંજૂર થાય છે. સંસ્થા માટે દુપ્રચાર કરવામાં આવે છે કે અમો તો સહી કરીને મોકલી આપીએ છીએ ના આપે તો શું કરીએ ? આ સંસ્થા કોઈપણ વ્યક્તિ વિશેષના રાગ–દ્વેષથી, અંગત વૈમનસ્યથી કે વ્હાલા–દવલાની નીતિથી ચાલતી નથી. જેના કારણે જ સંસ્થા આ મદદમાં ઉત્તરોત્તર વધારો કરી રહી છે. સાથે સાથે દર વર્ષે અધિવેશનની મદદથી માતબર રકમ ભેગી કરે છે. જેથી જ્ઞાતિ સમાજે હવનમાં હાડકાં નાખનાર ગણ્યા–ગાંઠ્યા માણસોના દુપ્રચારથી દૂર રહેવું.

તા. ૦૧–૦૮–૨૦૨૪ પછી ચાલુ માસે આપવામાં આવેલી રકમમાં પ્રત્યેક લાભાર્થી દીઠ રૂ. ૫૦૦/– વધારી રૂ. ૨૦૦૦/–ને બદલે રૂ. ૨૫૦૦/– માસિક કરેલ છે. આમ એક લાભાર્થીને વાર્ષિક રૂ. ૩૦૦૦૦/– મળે જે કુલ માતબર રકમ રૂ. ૧૦,૨૦,૦૦૦/– જેવી થાય છે. જરૂરીયાત મંદ બહેનોની માહિતી મળેથી આ રકમમાં વધારો થઈ શકે છે.

આમ છતાં કોઈને કોઈ માહિતીની જરૂર હોય તો વિના સંકોચે પ્રમુખશ્રીને સંપર્ક કરી માહિતી મેળવી શકે છે.

**– કિરીટભાઈ મંગુપ્રસાદ દવે – પ્રમુખશ્રી**

## શ્રી બાજખેડાવાળ મંડળ - આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ. (મો.) ૯૨૬૫૯૦૯૪૯૩

### સામુહિક સત્યનારાયણ ભગવાનની કથા

સમગ્ર બાજખેડાવાળ સમાજના ઉત્કર્ષ અર્થે એક સમુહ સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન તા. ૧૯-૧૦-૨૦૨૪ના રોજ શરદોત્સવના દિવસે સવારમાં ૧૦ થી ૧૨ દરમ્યાન કરવામાં આવેલ છે. આ પ્રોગ્રામ નીચે મુજબનો રહેશે.

(૧) મુખ્ય યજમાનના રૂ. ૩૦૦૦/- તથા બાકીના સહ યજમાનના રૂ. ૬૦૦/- ભરવાના રહેશે. આપની સમક્ષ પહોંચીયે ત્યાં સુધીમાં ૧ - મુખ્ય યજમાન તથા ૧૫ - સહ યજમાન નોંધાઈ ગયેલ છે. વધુ ૧૦ યજમાન આવકાર્ય છે. (૨) સમગ્ર સમાજના કોઈપણ બાજખેડાવાળ આ પ્રોગ્રામમાં લાભ લઈ શકશે. (૩) સવારના ૯.૦૦ થી ૯.૩૦ ચા-નાસ્તો, ૯.૩૦ થી ૧૨.૦૦ સત્યનારાયણ ભગવાનની કથા, ૧૨.૦૦ વાગે સમુહ ભોજનનું આયોજન રહેશે. (૪) સત્યનારાયણ ભગવાનની કથામાં બેસનારા કપલને રૂ. ૬૦૦/- ભરવાના રહેશે. (૫) પ્રોગ્રામ દરમ્યાન નાસ્તો તથા ભોજનની વ્યવસ્થા કરવામાં આવેલ છે જેમાં કપલદીઠ બે પાસ ફ્રી આપવામાં આવશે. (૬) જે જ્ઞાતિજનોને આ આયોજનમાં ભાગ લેવો હોય તો વ્યક્તિદીઠ ચા-નાસ્તો તથા ભોજનના રૂ. ૨૫૦/- આપવાના રહેશે. (૭) નામ નોંધાવા માટે બાજખેડાવાળ છાત્રાલય વિદ્યાનગર ખાતે સંપર્ક કરવો. નામ નોંધવાની છેલ્લી તારીખ ૧૦-૧૦-૨૦૨૪ રહેશે.

ખાસ નોંધ - સત્યનારાયણ ભગવાનની કથાનો પ્રસાદ ઘર માટે લઈ જવાનો આગ્રહ રાખવો નહીં. હાજર રહેનાર જ્ઞાતિજનો માટે જ પ્રસાદ બનાવવામાં આવે છે.

### શરદોત્સવ

ચાલુ સાલે તા. ૧૯-૧૦-૨૦૨૪ને શનિવારના રોજ શરદોત્સવ નિમિત્તે ગરબાનું આયોજન કરવામાં આવેલ છે. પાસ વિતરણ તા. ૧૩-૧૦-૨૦૨૪ને રવિવારના રોજ સવારે ૯.૩૦ થી બપોરે ૧.૦૦ વાગ્યા સુધી રહેશે. પાસની કિંમત રૂ. ૩૦/- છે. પાંચ વર્ષથી ઉપરના બાળકો માટે પાસ લેવા ફરજિયાત છે.

ભોજન સાંજે ૭.૦૦ થી ૮.૦૦ રહેશે, સંગીત ખુરશી ૮.૦૦ થી ૮.૩૦ રહેશે, ગરબા ૮.૩૦ થી ૧૦.૦૦ રહેશે, આરતી ૧૦.૦૦ થી ૧૦.૧૫ રહેશે, દૂધપૌંઆ ૧૦.૧૫ થી ૧૦.૩૦ રહેશે.

### નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભ

ચાલુ સાલે નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભ તા. ૧૦-૧૧-૨૦૨૪ને રોજ રાખેલ છે. પાસ વિતરણ તા. ૧૩-૧૦-૨૦૨૪ને રવિવારના રોજ સવારે ૯.૩૦ થી બપોરે ૧.૦૦ વાગ્યા સુધી રહેશે. પાસની કિંમત રૂ. ૫૦/- છે. પાંચ વર્ષથી ઉપરના બાળકો માટે પાસ લેવા ફરજિયાત છે.

ભોજન સાંજે ૭.૦૦ થી ૮.૦૦ કલાકે, મ્યુઝિકલ ઈવનીંગ ૮.૦૦ થી ૧૦.૦૦ કલાકે થશે.

### અગત્યની નોંધ -

(૧) શરદોત્સવ અને નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભ બંને કાર્યક્રમ માટે પાસ વિતરણ એક જ દિવસે છે. (૨) અમો રહી ગયા, બહાર ગામ ગયેલા તેવા બહાના હેઠળ નિયત તારીખ

પછી કોઈપણ સંજોગોમાં પાસ મળશે નહીં (૩) ભોજનના સમય દરમ્યાન જ ભોજન મળશે ત્યારબાદ વ્યવસ્થા બંધ કરી દેવામાં આવશે જેની નોંધ લઈને જ ભોજન પાસ લેશો.

**કિરીટકુમાર એમ. દવે** — પ્રમુખ

**ફાલ્ગુનભાઈ ઠાકર** — મંત્રી

**સર્વ કારોબારી સભ્યશ્રીઓ**

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ – આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ. ફોન – (૦૨૬૯૨) ૨૪૪૨૧૨

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, આણંદ દ્વારા તા. ૨૧–૭–૨૦૨૪ રવિવારના રોજ ગૌરીવ્રત નિમિત્તે બાજખેડાવાળ હોલમાં રમતગમત મહોત્સવ કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં સર્વે બાલીકાઓ ખૂબ જ ઉત્સાહીત હતી. કારોબારી તથા સભ્ય બહેનોના ચહેરામાં અનેરો આનંદ ઉત્સાહ વર્તાતો હતો.

કાર્યક્રમની શરૂઆત આપમી દીકરીઓએ ગુરૂવંદના અને પ્રાર્થનાથી કરી દેવાધિદેવ મહાદેવની આરાધનાનું નૃત્ય સંગીત ખૂબ સરસ રીતે પ્રસ્તુત કરવામાં આવ્યું. ત્યાર બાદ રમત–ગમતની શરૂઆત કરવામાં આવી હતી. તેમાં નાની દીકરીઓ અને મોટી દીકરીઓની રમત–ગમતને બે ભાગમાં વિભાજીત કરવામાં આવી હતી. બાલીકાઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બધી જ રમતોમાં વિજેતાને ઈનામોનું વિતરણ બાજખેડાવાળ મહિલા મંડળ તરફથી આપવામાં આવેલ ઈનામો ઉપરાંત બધી જ બાલિકાઓને પાણીની ટ્રે આપવામાં આવી હતી.

ગૌરીવ્રત નિમિત્તે (૧) કમલભાઈ દીનકરરાય ભટ્ટ તરફથી સ્ટીલની પાણી બોટલ આપવામાં આવી હતી. (૨) માયાબેન કે દવે તથા ગીતાબેન એચ. શુકલ તરફથી મેલામાઈન બાઉલ સાથે નેલપોલીસ, હેર એન્ડ તથા ચાંલ્લા આપવામાં આવેલ તથા ગીતાબેન શુકલ તરફથી બધી જ બાલીકાઓને બે નંગ ચોપડા આપ્યા હતા. (૩) સ્વપ્નાબેન કે. ભટ્ટ તરફથી હાથરૂમાલ, હેર બક્કલ, પોની બક્કલ તથા હત્વાબેન પંડ્યા તરફથી પેન્સીલ રબ્બર સાથે પાઉચ (૪) ધર્મીષ્ઠાબેન દવે તરફથી બોલપેન તથા હેમાંગીનીબેન દવે તરફથી પેન તથા કેળા આપવામાં આવેલ બિન્દુબેન તરફથી કેળા

આ ઉપરાંત માયાબેન કે. દવે તરફથી આશ્વાસન ઈનામ પાંચ બાલીકાઓને રૂ. ૫૦૦/– આપ્યા હતા.

(૫) રંજનબેન દવે તરફથી રૂ. ૫૦૦/– ગૌરીવ્રત નીમીતે મંડળને ભેટ મળેલ છે. (૬) વસુધાબેન શશીકાન્ત પંડ્યા તરફથી રૂ. ૫૦૦/– ગૌરીવ્રત નીમીતે મંડળને ભેટ મળેલ છે. (૭) અલ્પાબેન ઠાકર તરફથી માવા ચોકલેટ–જેલી ચોકલેટ વહેંચવામાં આવી હતી (૮) મેઘા અભિષેક દવે તરફથી એરટાઈટ કન્ટેનર હાથ રૂમાલ, ચાંલ્લા તથા લીપસ્ટીક આપવામાં આવી.

કાર્યક્રમના અંતે બધાના આનંદ ઉત્સાહમાં મીઠાશ આપવા મ્યુ. કાઉન્સીલર દીક્ષીતાબેન દવે તરફથી આઈસ્ક્રીમની લીજજત માણી હતી. બાજખેડાવાળ મહિલા મંડળ દ્વારા આયોજીત

ગૌરીવ્રતના કાર્યક્રમમાં સૌએ સાથ સહકાર આપી ખૂબ મોટી સંખ્યામાં બહેનો હાજર રહીને મંડળની શોભા અને બહેનોને ઉત્સાહ વધાર્યો હતો તે બદલ સૌનો ખૂબ ખૂબ આભાર આપણા કારોબારી મંડળની બહેનોની મહેનત અને ખૂબ સુંદર આયોજન બદલ ખૂબ ખૂબ આભાર.

બાજખેડાવાળ મહિલા મંડળ દ્વારા તા. ૮–૯–૨૦૨૪ને રવિવારના રોજ સામા પાંચમ ઉજવવાનું નક્કી કરેલ છે. જે કોઈને નામ લખાવવાનું હોય તેમણે પ્રમુખ–ઉપપ્રમુખ અથવા મંત્રી જોડે લખાવી લેવાના રહેશે. પૂજામાં બેસવા માટે રૂ. ૭૦૧/– નક્કી કરેલ છે. દક્ષાબેન ખંભોળજા (મો.) ૯૭૩૭૪૫૧૮૦૦, ગીતાબેન શુક્લ (મો.) ૯૮૨૪૩૦૦૪૪૧, રીટા ધગટ (મો.) ૬૩૫૩૬૧૫૨૪૦

**દક્ષાબેન ખંભોળજા** — **પ્રમુખશ્રી**

**રીટાબેન એમ. ધગટ** — **મંત્રીશ્રી**

**સર્વે કારોબારી સભ્યો**

---

## ધી અમદાવાદ બાજખેડાવાળ એજ્યુકેશન એન્ડ કલ્ચરલ સોસાયટી

શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન – ૨૫૪૩૨૦૪૦

### કોલેજ ફી સહાય

કોલેજ ફી સહાયના ફોર્મ ભરીને આપવાની છેલ્લી તારીખ ૩૦–૧૧–૨૪ છે તે દરમ્યાન ભરેલા ફોર્મ સંસ્થાની ઓફિસમાં આપી જવા ત્યારબાદ ફોર્મ સ્વીકારવામાં આવશે નહી. જેની નોંધ લેશો.

### ચોથના ગરબા

અગામી આસો મહિનો એટલે મા જગદંબાની આરાધના અને પૂજાનો મહિનો આ અવસરે તા. ૬–૧૦–૨૪ આસો સુદ–૪ને રવિવારના રોજ સાંજે ૭.૦૦ કલાકે શ્રી બળવંતરાય હોલ, કાંકરીયા ખાતે ગરબાનું આયોજન કરેલ છે. સૌ જ્ઞાતિજનોને વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેવા આમંત્રણ છે. કાર્યક્રમ બાદ અલ્પાહારની વ્યવસ્થા સંસ્થા દ્વારા રાખવામાં આવેલ છે.

### અન્નપૂર્ણા સહાય યોજના

રૂ. ૨૧૦૦૦/– શ્રી ભરત અંબાલાલ દવે તરફથી સ્વ. અંબાલાલ જેશંકર દવે તથા શ્રી હસુમતી અંબાલાલ દવેના સ્મરણાર્થે, રૂ. ૧૦૦૦૦/– શ્રી માલતીબેન પ્રફુલચંદ્ર ઠાકર, રૂ. ૩૦,૦૦૦/– શ્રી હરીવદન જેન્તીલાલ દવે, રૂ. ૧૦૦૦૦/– શ્રી ભાર્ગવ કિરણકુમાર પંડ્યા

### એજ્યુકેશન સહાય યોજના

રૂ. ૫૦૦૦૦/– શ્રી જીતેન્દ્ર બાલમુકુન્દ ભટ્ટ, રૂ. ૨૫૦૦૦/– શ્રી ગીતાબેન વિનાયક શર્મા તરફથી સ્વ. શ્રી વિનાયક મણિશંકર શર્માના સ્મરણાર્થે

### હોલ આધુનિકરણ ભંડોળ

રૂ. ૨૫૦૦૦/– શ્રી ગીતાબેન વિનાયક શર્મા તરફી સ્વ. મણિશંકર પ્રાણશંકર શર્માના સ્મરણાર્થે, રૂ. ૧૦૦૦૦/– શ્રી તેજસ અરવિંદભાઈ ભટ્ટ, રૂ. ૧૧૦૦૦/– શ્રી હેતલકુમાર બી. ભટ્ટ, રૂ. ૩૦૦૦/– શ્રી પ્રશાંતભાઈ પંડ્યા

**કમલેશ જે. ભટ્ટ** — **પ્રમુખ**

**ઉદયભાઈ એચ. ભટ્ટ / રાજેષભાઈ બી. ત્રિવેદી** — **મંત્રી**

## શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ, નડીયાદ

શ્રી બાજખેડાવાળ હોલ, છાગેશ્વર મહાદેવ પાસે, સંતરામ મંદિર પાસે, નડીયાદ

શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે તા. ૨૧–૭–૨૦૨૪ના રોજ ગૌરીવ્રત હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ સ્પર્ધાનું આયોજન કરેલ. સૌ પ્રથમ પ્રાર્થના ગીત ગાઈને સ્પર્ધાની શરૂઆત કરી હતી. મહેમાનો અને આમંત્રિતને પુષ્પગુચ્છથી આવકાર્યા હતા પછી હરિફાઈની શરૂઆત કરી હતી.

૩ થી ૬ વર્ષ – ઢીંગલી હરિફાઈ – (૧) હિયા રીતેષ ભટ્ટ – પ્રથમ, (૨) તિથી નયન ભટ્ટ – બીજો (૩) નિયા ભદ્ર ત્રિવેદી – ત્રીજો

૭ થી ૧૩ વર્ષ (લીંબુ ચમચો) – (૧) નવ્યા એ. શેલત – પ્રથમ, (૨) કેયા ભગીરથ ઠાકર – બીજો (૩) દુર્વા તરંગ દવે – ત્રીજો

૧૪ થી ૨૫ વર્ષ (ચોળામાંથી રાજમા) – (૧) રિદ્ધિ ડિમ્પલ ત્રિવેદી – પ્રથમ (૨) રીયા ડિમ્પલ ત્રિવેદી – બીજો (૩) દ્રષ્ટિ મિનેષ દવે – ત્રીજો

૨૬ થી ૪૦ વર્ષ (૧ મીનીટની હું ગાંડી હું ડાહી) (૧) જલ્પા રશેષ ઠાકર – પ્રથમ (૨) એશા નિરવ દવે – બીજો (૩) નિશા દિપેન ત્રિવેદી – ત્રીજો

૪૦ થી ઉપરના (૧ મીનીટની ગેમ ૧ ચવ્વની અઠઠની) (૧) પ્રીતી સ્નેહલ ત્રિવેદી – પ્રથમ (૨) પારુલ અમરીષ દવે – બીજો (૩) સુનીના રાજીવ શુકલ – ત્રીજો

ગૌરીવ્રત આઈસ્ક્રીમના દાતા કાશ્મીરાબેન ધોરા, પેંડા અસ્મિતાબેન દવે, ચોકલેટ – ભાવનાબેન ઠાકર, જલ્પાબેન ઠાકર તરફતી દરેક બાળાઓને બટર ફલાય, હેરપીન, રબરનો સેટ, રૂ. ૧૦૦૦/– બાજખેડાવાળ વયસ્ક મંડળ, રૂ. ૫૦૦/– દિપા તરંગ દવે તથા એક સદ્‌ગૃહસ્થ તરફથી દરેક બાળાઓને કેળા વેફર, સૌ આઈસ્ક્રીમ તથા ચોકલેટ – પેંડાની લિજ્જત માણી નાની–મોટી સંભારણા ગીફ્ટ લઈ છુટા પડ્યા. હરિશભાઈ મહેતા તરફથી કેળા વેફર (મૌલેશભાઈ મહેતા) આઈસ્ક્રીમ કાયમી દાતા પરેશભાઈ ધોરા, તા. ૬–૯–૨૪ શુક્રવાર કેવડાત્રીજની પુજા તથા ૮–૯–૨૪ રવિવાર સામાપાંચમ વ્રત ઉજવણી કાર્યક્રમ રાખેલ છે.

**અંજનાબેન દવે** — **પ્રમુખ**

**નિકેતા દવે** — **મંત્રી**

---

## શ્રી ગુજરાતી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ

"ૐ નિકેતન", નં. ૩૨૬, (નવો નં. ૩૮૦), મિન્ટ સ્ટ્રીટ, ચૈન્નઈ–૬૦૦૦૦૩

શ્રી ગુજરાતી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ–ચેન્નઈના આશ્રયે પ્રતિ વર્ષ મુજબ આસાસુરી અંબાજી મંદિરના શિખરે ભાદરવા સુદ પૂર્ણિમાના પ્રસંગે બાવન ગજની ધજા ફરકાવવામાં આવે છે તે પવિત્ર ધજા ઉપર સમાજના ભવનમાં ચૈત્રી અને અષાઢી નવરાત્રીના દિવસોમાં પ્રતિદિન સમાજની સુમંગલી બહેનો દ્વારા શ્રી લલિતા સહસ્રનામની અર્ચના–પૂજા ભક્તિ ભાવપૂર્વક કરવામાં આવેલ છે.

જ્ઞાતિબંધુઓ અને શુભેચ્છકોના સ્વૈચ્છિક યોગદાનથી સતત ત્રીજા વર્ષે ઉનાળાની ગરમીમાં ભવનના પ્રવેશદ્વાર આગળ મફત છાશ વિતરણ સતત એપ્રીલ–મે–જૂન દરમ્યાન આયોજન થયું હતું. સમયાંતરે અન્નદાનમ્ પણ કરવામાં આવ્યું હતું. વિતરણમાં સર્વશ્રી પ્રકાશ દવે, રાકેશ દવે, અરૂણ દવે, મનોજ શુક્લા, વિશાલ દવે, કમલેશ દવે, ભાસ્કર દવે વિગેરેઓએ સેવા આપી હતી.

જૂન–જુલાઈ દરમ્યાન શૈક્ષણિક સહાયરૂપે સ્કુલ તથા કોલેજ ફી જ્ઞાતિના વિદ્યાર્થી ભાઈ–બહેનોને આપવામાં આવેલ છે.

'ધજાની પધરામણી'નું કાર્ય ૯ જૂનથી દર રવિવારે સમાજના માઈભક્તોના નિવાસસ્થાને ખૂબ ઉત્સાહ–ઉમંગ અને સૌના સાથ–સહકારથી સુંદર રીતે ચાલી રહેલ છે. અત્યાર સુધી ૨૭ પધરામણીએ અને તા. ૮–૯–૨૪ સુધી અન્ય ત્રીસેક પધરામણીઓ થશે. આ નિ:શુલ્ક પધરામણીમાં 'મા' અંબાજીની ચાંદીની મૂર્તિ સાથે ધજાની પૂજા યજમાન પરિવાર દ્વારા કરાવી ભજન–ગરબા–થાળ–આરતી થાય છે. ધજાન મુખ્ય યજમાન છે. શ્રી ભરતભાઈ એન. પવાણી પરિવારજનો છે.

આ પવિત્ર ધજાની "ધજા–દર્શન"નો ભવ્ય અને દિવ્ય કાર્યક્રમ શ્રી ગણેશ ચતુર્થીના શુભ દિવસે શનિવારના તા. ૭–૯–૨૪ના સાંજે ૪.૦૦ થી ૭.૦૦ દરમ્યાન ચેન્નઈના પવિત્ર હોલ "શ્રી વલ્લભ નિકેતન" (વૈષ્ણવ સ્કુલનો હોલમાં) વિશેષરૂપે આયોજન કરવામાં આવેલ છે. ત્યારબાદ મહાપ્રસાદીની વ્યવસ્થા સમાજના ભવનમાં ૐ નિકેતનમાં રાખવામાં આવેલ છે. સૌ જ્ઞાતિજનોને સપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

શ્રાવણ માસની પૂર્ણાહૂતિ પ્રસંગે ભંડારો મંગળવાર તા. ૩–૯–૨૪ના રોજ આયોજીત રહેશે જેમાં પણ સૌ જ્ઞાતિજનોને પરિવાર સહિત પધારવાનું નિમંત્રણ છે.

**બીજલ બી. ડોળીયા** — **પ્રમુખ**

**મનોજ વી. શુકલા / અમિત આઈ. પાઠક** — **મંત્રીઓ**

---

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ

ઓફિસ – શ્રી નિર્મળાબેન જે. દેસાઈ, "મંગલમ સ્ટોર્સ", ઈચ્છાબેનની વાડીની બાજુમાં, પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ. ફોન – ૨૫૪૬૬૭૫૧, ૯૩૨૮૨૩૦૬૭૦

**કેવડા ત્રીજ સામાપાંચમ વ્રત ઉદ્યાપન :**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા તા. ૮–૯–૨૦૨૪ને રવિવારના રોજ સવારે ૮.૦૦ વાગ્યાથી બપોરેના ૧.૦૦ સુધી પુનિતાશ્રમ, મણીનગર ખાતે કેવડા ત્રીજ સામાપાંચમ વ્રત ઉદ્યાપનની ધાર્મિક વિધિ કરવામાં આવશે. આ વિધિમાં ભાગ લેવા ઈચ્છતા બહેનોએ તૃપ્તિબેન જોષી (મો.) ૯૮૨૫૦૦૯૮૫૧, જલ્પાબેન જોષી (મો.) ૭૩૮૩૯૩૧૭૪૨ પર સંપર્ક કરીને પોતાના નામ લખાવી દેવા અને વ્રત ઉદ્યાપન અંગેની જરૂરી માહિતી મેળવી લેવી.

**અન્નપૂર્ણા સહાય યોજના :**

આ યોજના અંતર્ગત અમારી સંસ્થા દ્વારા ઉમરેઠ ડાકોર સ્થિત જરૂરિયાત મંદ જ્ઞાતિજનો દર ત્રણ મહિના ચાલે તેટલી અનાજ સામગ્રી પહોંચાડવામાં આવે છે. આ માટે અમારી સંસ્થાને સમાજના ઉદાર દાતાશ્રીઓ તરફથી સતત દાનનો પ્રવાહ વહેતો રહ્યો છે. સંસ્થા આ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે આ મહિને આ યોજના અંતર્ગત નીચે મુજબના દાન મળેલ છે.

(૧) શ્રી વિજયભાઈ હરિહરભાઈ ઠાકર રૂ. ૧૧૦૦૦/– (૨) સ્વ. શ્રી અરૂણાબેન હરિવદન શેલતની પૂર્ણતિથિ નિમિત્તે હસ્તે શ્રી કૃતિકાબેન પંડ્યા તરફથી રૂ. ૬૧૦૦/– (3) પ્રણવભાઈ રાજેન્દ્રભાઈ દવે રૂ. ૩૦૦૦/–

ડૉ. ચંદ્રપ્રસાદ ત્રિવેદી પુસ્તક વિતરણ યોજના તથા કેળવણી વિષયક ટ્રસ્ટ ફંડ આ યોજના અંતર્ગત ધોરણ ૧ થી ૧૨ તથા ૧૦, ૧૧, ૧૨ તથા કોલેજના તમામ ક્ષેત્રે અભ્યાસ કરતી પાસ થયેલ વિદ્યાર્થીનીઓએ નવરાત્રી દરમિયાન તા. ૫–૧૦–૨૦૨૪ના રોજ ત્રીજા નોરતે વેદમંદિર ખાતે વાર્ષિક સભા તથા ગરબા મહોત્સવ બાદ તા. ૭–૧૦–૨૦૨૪ના દિવસથી લ્હાણી સાથે ઉપરોક્ત બંને યોજનાઓના લાભ મળે એવી રીતે સાંજે ૫.૦૦ થી ૭.૦૦માં માર્કશીટની કોપી પર દરેક નામ સરનામું મોબાઈ નંબર લખીને મંગલમ સ્ટોર્સ, બેલાબેનને ત્યાં સાથે લઈને આવીને દરેક લાભ મેળવી લેવો.

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદના તમામ આજીવન સભ્યોને ખાસ વિનંતી કે જેમના એડ્રેસ બદલવાના હોય તેઓએ મંગલમ સ્ટોર બેલાબેન દેસાઈને એડ્રેસની પૂરી માહિતી આપીને એડ્રેસ તા. ૧૦–૯–૨૦૨૪ સુધી બદલાવી દેવા વિનંતી છે.

| મંત્રીશ્રી | પ્રમુખ |
|---|---|
| તૃપ્તીબેન જોષી / ભોપીબેન ભટ્ટ | દર્શનાબેન ભટ્ટ |

## શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ – અમદાવાદ

**શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ દ્વારા આયોજીત પંચકુંડી હોમાત્મક લઘુરુદ્ર યજ્ઞ**

શ્રી દેવાધિદેવ મહાદેવજીની અસીમકૃપાથી શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ દ્વારા તા. ૧૮–૮–૨૦૨૪ને રવિવારના રોજ પંચકુંડી લઘુરૂદ્રનું આયોજન ૧૦૦૦ વર્ષ જૂના શ્રી સોમનાથ મહાદેવ, ન્યુ વાસણા, પીરાણા રોડ, અમદાવાદ ખાતે કરેલ હતું. તેમાં ૫૫ યજમાનોના જોડાએ ભાગ લીધેલ હતો. આશરે ૧૧૦૦થી પણ વધુ શ્રદ્ધાળુઓએ આ કાર્યક્રમમાં ભાગ લઈને મહાદેવજીના આર્શીવાદ મેળવેલ હતાં. સાંજે ૬.૦૦ વાગ્યે શ્રીફળ હોમ કરીને આશરે ૮૦૦ શ્રદ્ધાળુઓએ મહાપ્રસાદનું ગ્રહણ કરેલું હતું.

આ યજ્ઞમાં જેમણે તન–મન–ધનથી સેવા કરેલ તેઓ સર્વેનો સંસ્થા ખૂબ ખૂભ આભાર માને છે અને ભવિષ્યમાં આવા કાર્યક્રમોમાં અનેરો સાથ–સહકાર આપે તેવી આશા રાખે છે દાતાશ્રીઓના નામ નીચે પ્રમાણે છે.

(૧) શ્રી સચીન્દ્ર એસ. વેધ હસ્તે પ્રેમલાબેન વૈદ્ય – ભેટ – રૂ. ૧૧૫૦૦/– (૨) શ્રી દીનેશભાઈ દવે – પિતામ્બર માટે – રૂ. ૧૧૦૦૦/– (3) શ્રી બીજલભાઈ–ભેટ – રૂ. ૧૧૦૦૦/–

(૪) શ્રી સોહમભાઈ – બ્રહ્મ ભોજન માટે – રૂ. ૧૦૦૦૦/– (૫) શ્રી પરેશભાઈ ભટ્ટ – પિતામ્બર માટે – રૂ. ૭૧૦૦/– (૬) શ્રી દિપીકાબેન દીલીપભાઈ પંડ્યા – ઘી માટે – રૂ. ૬૦૦૦/– (૭) શ્રી ચેતનભાઈ જી. દેસાઈ – ઘી માટે – રૂ. ૬૦૦૦/– (૮) શ્રી શૈલેષભાઈ જોષી – ચ્હા–કોફી માટે – રૂ. ૫૦૦૦/– (૯) એક જ્ઞાતિજન તરફથી – તલ માટે – રૂ. ૫૦૦૦/– (૧૦) શ્રી બીપીનભાઈ ઠાકર – બ્રહ્મ ભોજન માટે – રૂ. ૫૦૦૦/– (૧૧) શ્રી પ્રદ્યુમનભાઈ ભટ્ટ અને પ્રદીપભાઈ ભટ્ટ – પાણી માટે – રૂ. ૫૦૦૦/– (૧૨) શ્રી વિજયકુમાર કે. દવે – ભેટ – રૂ. ૪૦૦૧/– (૧૩) શ્રી દ્રષ્ટિ અને દર્શી સ્નેહલ ભટ્ટ – સ્થાપના તથા અન્ય સામગ્રી માટે – રૂ. ૩૫૦૦/– (૧૪) શ્રી તરલભાઈ ભટ્ટ – ફુલહાર સામગ્રી માટે – રૂ. ૩૫૦૦/– (૧૫) શ્રી અંજનાબેન દવે – કાષ્ટ માટે – રૂ. ૩૫૦૦/– (૧૬) શ્રી મયંકભાઈ જગદીશભાઈ દવે – સ્થાપના અને અન્ય સામગ્રી માટે – રૂ. ૩૫૦૦/– (૧૭) શ્રી અશોકભાઈ ભટ્ટ – ફળ ફળાદી માટે – રૂ. ૩૧૦૦/– (૧૮) શ્રી જીતેન્દ્રભાઈ ભટ્ટ – ભેટ – રૂ. ૩૧૦૦/– (૧૯) શ્રી દર્શનભાઈ ઠાકર – ભેટ – રૂ. ૨૦૦૧/– (૨૦) શ્રી હાર્દિ આશિકભાઈ મહેતા – ભેટ – રૂ. ૧૫૦૧/– (૨૧) શ્રી નીશી આશિકભાઈ મહેતા – ભેટ – રૂ. ૧૫૦૧/– (૨૨) શ્રી ઈશાન દર્શનભાઈ ઠાકર – ભેટ – રૂ. ૧૫૦૧/– (૨૩) શ્રી સ્વ. રશ્મિકાંત દવે – ભેટ – રૂ. ૧૫૦૧/– (૨૪) શ્રી અવનીબેન ભટ્ટ – હોમના ભાત – રૂ. ૧૫૦૦/– (૨૫) શ્રી રાજેન્દ્રભાઈ પંડ્યા – ઘી માટે – રૂ. ૧૫૦૦/– (૨૬) શ્રી ઉલ્કાબેન મનીષભાઈ દવે – ભેટ – રૂ. ૧૧૦૦/– (૨૭) શ્રી મૃદુલાબેન હરીવદન ત્રિવેદી – ભેટ – રૂ. ૧૦૦૧/– (૨૮) શ્રદ્ધા રજીતભાઈ દવે – ભેટ – રૂ. ૧૦૦૦/– (૨૯) ઉર્વીશભાઈ શેલત – ભેટ – રૂ. ૧૦૦૦/– (૩૦) શ્રી કલ્પેશકુમાર પી. દવે – ભેટ – રૂ. ૧૦૦૦/– (૩૧) શ્રી સુધીરભાઈ ભટ્ટ – ભેટ – રૂ. ૧૦૦૦/– (૩૨) શ્રી વિનોદાબેન ભટ્ટ – ભેટ – રૂ. ૧૦૦૦/– (૩૩) શ્રી હિનાબેન શેલત – ભેટ – રૂ. ૧૦૦૦/– (૩૪) શ્રી મેહુલભાઈ મહેતા – ભેટ – રૂ. ૧૦૦૦/– (૩૫) શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ – ભેટ – રૂ. ૧૦૦૦/– (૩૬) શ્રી જયશ્રીબેન બી. દવે – ભેટ – રૂ. ૧૦૦૦/– (૩૭) શ્રી ઘનશ્યામભાઈ દવે રૂ. ૫૫૧/– (૩૮) શ્રી દેવ પંડ્યા – ભેટ – રૂ. ૫૦૧/– (૩૯) શ્રી સ્વ. રશ્મિકાબેન દવે – ભેટ – રૂ. ૫૦૧/– (૪૦) શ્રી નીતાબેન ભટ્ટ – ભેટ – રૂ. ૫૦૦/– (૪૧) શ્રી જયેન્દ્રભાઈ દવે – ભેટ – રૂ. ૫૦૦/– (૪૨) શ્રી અલ્પાબેન વિ. દવે – ભેટ – રૂ. ૫૦૦/– (૪૩) શ્રી સુરેશભાઈ ઠાકર – ભેટ – રૂ. ૫૦૦/– (૪૪) શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ – ભેટ – રૂ. ૫૦૦/– (૪૫) શ્રી ભદ્રેશભાઈ ભટ્ટ – ભેટ – રૂ. ૫૦૦/– (૪૬) શ્રી સુમીનબેન પંડ્યા – ભેટ – રૂ. ૫૦૦/– (૪૭) અન્ય જ્ઞાતિજનો પાસેથી ભેટ – રૂ. ૨૧૬૪/– (૪૮) શ્રી દેવાંગભાઈ જોષી તરફથી શ્રીફળની સેવા – દરેક યજમાનને (૪૯) સી. સોમાભાઈ કંપની તરફથી – હસ્તે – હાર્દિકભાઈ – ૨૫૦ ગ્રામ ચ્હા અને પેનનું પેકેટ દરેક યજમાનને આપેલ

**શ્રી સ્નેહલભાઈ ભટ્ટ – પ્રમુખ          શ્રી કિરીટભાઈ દવે – મંત્રી**

**સમગ્ર ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, સલાહકારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ**

## શ્રી બાજખેડાવાળ યુવા સમિતિ – ઉમરેઠ

શ્રીનાથ એન્ટરપ્રાઈઝ, સ્વામિનારાયણ મંદિર સામે, ઓડ બજાર, ઉમરેઠ–૩૮૮૨૨૦
(મો.) ૯૪૨૯૧૮૨૦૦૧

**૧૧મો હોમાત્મક લઘુરૂદ્ર – ૨૦૨૪ :**

શ્રી બાજખેડાવાળ યુવા સમિતિ, ઉમરેઠ દ્વારા પ્રતિ વર્ષ પવિત્ર શ્રાવણ માસે આયોજીત શ્રી હોમાત્મક લઘુરૂદ્ર સતત ૧૧માં વર્ષે શ્રાવણ સુદી ૧૦ને તા. ૧૫–૦૮–૨૦૨૪ના રોજ ગુરૂવારે ઉમરેઠ નગરના પૌરાણિક શિવાલય શ્રી ચંદ્રમૂળેશ્વર મહાદેવના સાનિધ્યમાં ગુરુદેવશ્રી સ્નેહલભાઈ દવેના આચાર્યપદે, ડૉ. પાર્થ રશ્મિકાન્ત ભટ્ટના મુખ્ય યજમાન પદે તથા અન્ય ૧૨ યજમાનોની સહભાગીતામાં યોજાયેલ. આ દરમ્યાન શ્રી બાજખેડાવાળ જ્ઞાતિ સમસ્ત ટ્રસ્ટના શ્રી અજીતભાઈ દવેએ સમિતિના યુવાનોની સમાજલક્ષી વિવિધ પ્રવૃત્તિઓની વિસ્તૃત જાણકારી જ્ઞાતિજનોને આપી તેને બીરદાવેલ તેમજ સમિતિના યુવા સભ્યોની એકતા તેમજ સમાજભાવના જોતા આનંદ વ્યક્ત કરી ભવિષ્યમાં વધુ મોટા ધાર્મિક આયોજનો કરી શકે તેવો વિશ્વાસ દર્શાવી પોતાના નિરંતર સહયોગની ખાતરી આપેલ. આ પ્રસંગે સમિતિના સભ્ય સમીર ત્રિવેદીએ સભા સંચાલન દરમ્યાન તમામ યજમાનો, દાતાશ્રીઓ, ગુરૂદેવો, મહાદેવ મંદિર ટ્રસ્ટ, વિવિધ સર્વિસ સપ્લાયર્સ ખાસ આભાર વ્યક્ત કરેલ. બાદમાં યજ્ઞની પુર્ણાહૂતિ પ્રસંગે શ્રી સંતરામ મંદિર ઉમરેઠના મહંતશ્રી પ.પૂ. ગણેશદાસજી મહારાજ ખાસ ઉપસ્થિત રહી જ્ઞાતિજનોને આશીર્વાદ આપેલ અને તેઓના હસ્તે યજ્ઞ પુર્ણાહૂતિ સંપન્ન થયેલ. આ દરમ્યાન ત્યારબાદ આ પ્રસંગે મૂળ ઉમરેઠના બહારગામ વસતા તેમજ નગરના જ્ઞાતિજનોએ દર્શન તેમજ સવારે ફળાહાર અને સાંજે મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવેલ.


**ધ્રુમિલ શુકલ (વકીલ)**
**સેક્રેટરી**

---

## અવસાન નોંધ

– સ્વ રમાલક્ષ્મીબેન તથા પ.પૂ. લક્ષ્મીનારાયણ નાથજીભાઈ શુકલના હૃદયસ્થ સ્વજન સ્વ. દેવેન્દ્રપ્રસાદ લક્ષ્મીનારાયણ શુકલ તા. ૬–૩–૨૦૨૪ તેમના પત્ની સ્વ. સદ્‌ગુણાબેન ડી. શુકલ તા. ૨૫–૪–૨૦૨૪ તેમના પુત્રવધુ દિપાલીબેન નરનારાયણ શુકલ તા. ૨૦–૫–૨૦૨૪ તેમના જમાઈ સ્વ. નીતિનકુમાર ચંપકલાલ દવે (ભરૂચ) તા. ૨૦–૫–૨૦૨૪ તેમના પુત્રવધુ નીતાબેન ગોપીનાથપ્રસાદ શુકલ તા. ૨૨–૭–૨૦૨૪ તેમના ભાણી સ્વ. મનોરમાબેન રમેશચંદ્ર જોષી તા. ૧૩–૭–૨૦૨૪ના રોજ અવસાન પામેલ છે તેમના સ્મરણાર્થે શ્રી રશ્મિકાંત ક્રિષ્નકાંત ભટ્ટ, એડવોકેટ, અમદાવાદ (મૂળ ઉમરેઠ) તરફથી રૂ. ૨૦૦/– પત્રિકાને ભેટ આપેલ છે. સર્વેના આત્માને શાંતિ આપે તેવી ઈષ્ટદેવને પ્રાર્થના.

| | | |
|---|---|---|
| નામ | : | કુ. ખુશ્બુ રાજેન્દ્રકુમાર કોટડીયા |
| ઊંચાઈ | : | ૫'–૪'' |
| વજન | : | ૫૨ કિલો |
| જન્મ તારીખ | : | ૦૮–૦૧–૨૦૦૦ |
| જન્મ સમય | : | ૦૯.૨૭ રાત્રે |
| જન્મ સ્થળ | : | ભરૂચ |
| અભ્યાસ | : | બી.ટેક. ઈલેક્ટ્રીકલ (નિરમા યુનિવર્સિટી), માઈનોર કમ્પ્યુટર સાયન્સ (નિરમા યુનિવર્સિટી) એનસીસી – સી સર્ટીફિકેટ |
| વ્યવસાય | : | નોકરી |
| માસિક આવક | : | ૮.૨૯ લાખ વાર્ષિક |
| મૂળ વતન | : | કણજરી, તા. નડિયાદ, જી. ખેડા |
| માતાનું નામ | : | જાગૃતિબેન રાજેન્દ્રકુમાર કોટડીયા |
| ભાઈ/બહેન | : | ૧–ભાઈ–અપરણિત |
| મોસાળ | : | સ્વ. રમેશચંદ્ર હરિપ્રસાદ દવે–મામા (કેતન આર. દવે – (મો.) ૯૯૭૪૦૬૨૧૧૯, વિપુલ આર. દવે – (મો.) ૯૩૨૭૩૫૭૩૨૪, ઉમરેઠ, હાલ વડોદરા |
| પિતા | : | રાજેન્દ્રકુમાર શંકરલાલ કોટડીયા |
| સરનામું | : | બી–૭, ગ્રીનલીફ ૧૬, પ્રિયા સિનેમા પાછળ, રોઝડેલ બંગલોઝ સામે, સેવાસી ભાયલી રોડ, ન્યુ અલકાપુરી સેવાસી ટી.પી. –૨, વડોદરા–૩૯૧૧૦૧ |
| ફોન નં. | : | ૯૪૨૬૮૬૪૯૨૧ રાજેન્દ્રકુમાર, ૯૪૨૮૫૧૧૨૦૯ જાગૃતિબેન |
| ઈ–મેઈલ | : | rajendrakotadia1965@gmail.com |
| સંપર્ક | : | ઉપર મુજબ |
| સરનામું | : | બી–૧૭૭, એન ટી પી સી ટાઉનશીપ, પો. ઊર્જાનગર, ઝનોર, તા.જી. ભરૂચ–૩૯૨૨૧૫ |
| પસંદગી | : | સંસ્કારી, મિલનસાર, કૌટુંબિક ભાવનાવાળું, શાકાહારી |
| નોંધ | : | હાલ–૨૦૨૫ સુધી એન.ટી.પી.સી., ઝનોરના સરનામે સંપર્ક કરવો. |
| ગોત્ર | : | લંકાનસ |
| નક્ષત્ર | : | શ્રવણ |
| રાશિ | : | મકર |
| નાડી | : | અંત્ય |
| ગણ | : | દેવ |
| વર્ણ | : | વૈશ્ય |
| યોનિ | : | વાનર |
| વર્ગ | : | માર્જર |




નામ : કુ. કાજલ બી.દવે ઊંચાઇ : ૫'–૨'' વજન : ૭૦ કિલો

જન્મતારીખ : ૦૫–૦૫–૧૯૯૫ જન્મસ્થળ : ચૈન્નઈ જન્મસમય : ૦૯.૨૧ દિવસે

અભ્યાસ : બી.કોમ.

મૂળવતન : સોજીત્રા વ્યવસાય : નોકરી

માસિક આવક : રૂ. ૩૦,૦૦૦/–




ગોત્ર : વચ્છસ

રાશિ : મિથુન

નક્ષત્ર : –

નાડી : –

માતાનું નામ : સંગીતાબેન ભરતકુમાર દવે

ભાઈ/બહેન : ૨–બહેનો–પરણિત

પિતાનું નામ : સ્વ. ભરતકુમાર દવે

સરનામું : પુરુષુવલ્લકમ, ચૈન્નઈ

ફોન/મોબાઈલ : ૯૧૭૬૫૩૧૪૬૨

---


નામ : કુ. મૈત્રી વિજયકુમાર દવે ઊંચાઇ : ૫'–૧'' વજન : ૬૫ કિલો

જન્મતારીખ : ૨૫–૦૬–૨૦૦૧ જન્મસ્થળ : અમદાવાદ જન્મસમય : ૦૯.૪૪ રાત્રે

અભ્યાસ : બી.એસ.સી. નર્સીંગ, એમ.એસ.સી. નર્સિંગ (અભ્યાસ ચાલુ)

મૂળવતન : પોરડા વ્યવસાય : અભ્યાસ ચાલુ

માસિક આવક : –




ગોત્ર : ઉપનસ

રાશિ : સિંહ

નક્ષત્ર : મઘા

નાડી : અંત્ય

માતાનું નામ : અલ્પાબેન વિજયકુમાર દવે

ભાઈ/બહેન : –

પિતાનું નામ : વિજયકુમાર ચીમનલાલ દવે

સરનામું : એ–૨૫૮, કમલસાગર કો.ઓ.હા.સો.લી., કેડિલા લેબ પાસે,
સ્વામિનારાયણ સ્કુલ સામે, ઘોડાસર, મણીનગર, અમદાવાદ–૫૦

ફોન/મોબાઈલ : ૯૮૭૯૮૪૬૨૧૯, ૯૪૨૮૪૧૧૦૧૯


નામ : ચિ. દર્શન શેલત (ઓસ્ટ્રેલિયા) ઊંચાઈ : ૫'–૬'' વજન : ૭૯ કિલો

જન્મતારીખ : ૨૭–૦૪–૧૯૯૫ જન્મસ્થળ : પાટણ જન્મસમય : ૧૦.૨૫ દિવસે

અભ્યાસ : બી.ઈ. કોમ્પ્યુટર એન્જીનીયરીંગ (સોફ્ટવેર)
માસ્ટર ઓફ આઈ.ટી. એન્ડ સીસ્ટમ, સાયબર સીક્યુરીટી

મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : નોકરી

માસિક આવક : –




ગોત્ર : ઉપમન્યસ

રાશિ : મીન

નક્ષત્ર : ઉત્તર ભાદ્રપદ–૪

નાડી : મધ્ય

માતાનું નામ : ફાલ્ગુનીબેન શેલત

ભાઈ/બહેન : ૧–બહેન– પરણિત

પિતાનું નામ : મિલનભાઈ ચંદ્રકાન્ત શેલત

સરનામું : ૭૨/૭૩, સમરથનગર, ઈન્દીરા ગાંધી પુલ પાસે, હાંસોલ,
સાંઈનાથ કલાસીસ નજીક, અમદાવાદ–૩૮૨૪૭૫

ફોન/મોબાઈલ : ૯૬૬૨૨૦૦૧૭૭

## રત્નકણિકા

– ધીરજ ધરે એ ધાર્યું કરી શકે, સહન કરે એ સર્જન કરી શકે, જતું કરે એ જાળવી શકે, સમજી શકે એ સ્વીકારી શકે.

– થોડું હસીને બોલી દો, થોડું હસીને ટાળી દો, મુશ્કેલીઓ તો છે બધાંને પણ, થોડુંક સમય ઉપર પણ છોડી દો.

– સફળતા હંમેશા તેને જ મળે છે જેઓ તેની શોધમાં ખૂબ જ વ્યસ્ત હોય છે.

– માણસ જીવનમાં ગમે તેટલો વેપારી બની જાય પરંતુ, પોતાની તકલીફ વેચી શકતો નથી અને શાંતિ ખરીદી નથી શકતો.

– જન્મ મળે છે, જીવન શોધવું પડે છે.

– બોલતા હોઠ પ્રશ્નોને ઠારે છે, બંધ હોઠ પ્રશ્નોને ટાળે છે, પણ મલકતા હોઠ પ્રશ્નોનું નિરાકરણ લાવે છે.

– જો રસ્તો સુંદર હોય તો લક્ષ્યની ચિંતા જ કરવી નહિ અને જો લક્ષ્ય સુંદર હોય તો રસ્તાની ચિંતા ક્યારેય કરવી નહિ.


– આપણો સ્વભાવ જ, આપણું ભવિષ્ય છે.

– ધ્યેય સુખી બનવાનો હોવો જોઈએ, સુખી દેખાવાનો નહીં.

– જ્યાં તારૂ અને મારૂ છે, ત્યાં જ અંધારું છે.


| | | |
|---|---|---|
| Name | : | Chi. Ambuj R. Mehta |
| Height | : | 5’-11” |
| Weight | : | 81 Kg. |
| Birth Date | : | 12-10-1993 |
| Birth Time | : | 4.22 p.m. |
| Birth Place | : | Ghaziabad |
| Education | : | B.Tech. (Manufacturing Engineering), A’bad |
| Profession | : | Job |
| Monthly Income | : | Rs. 90,000 to 1,00,000/- |
| Native Place | : | Gwalion (Junagath) |
| Mother Name | : | Karuna R. Mehta |
| Borther/Sisters | : | 1-Brother-Unmarried |
| Maternal Place | : | Bhopal (M.P.) |
| Father | : | Rajesh Shyamlal Mehta |
| Address | : | B1-49, Earth Somnath Bunglows, Opp. Zydax, Canal Road, Gotri, Vadodara, Gujarat-390021 |
| Phone No. | : | 9979414624 (Mother), 7801963422 (Father) |
| E-mail | : | ambujmehta1993@gmail.com |
| Contact | : | - |
| Address | : | - |
| Phone | : | - |
| Choice | : | Cricket, Table Tennis, Travelling |
| Note | : | - |

| | | |
|---|---|---|
| Gotra | : | Kashyap |
| Nakshatra | : | Megh |
| Rashi | : | Sinh |
| Nadi | : | Antya |
| Gan | : | Rakshsh |
| Varna | : | Kshtriya |
| Yoni | : | Udar |
| Varg | : | Udar |




| | | |
|---|---|---|
| Name | : | Chi. Yuvraj Ashish Bhatt |
| Height | : | 5’-7’’ |
| Weight | : | 60 Kg. |
| Birth Date | : | 09-04-1996 |
| Birth Time | : | 04.09 a.m. |
| Birth Place | : | Ahmedabad |
| Education | : | Automobile Engineer (English Medium) |
| Profession | : | Business |
| Monthly Income | : | Rs. 2,50,000/- |
| Native Place | : | Umreth |
| Mother Name | : | Nirali Ashish Bhatt |
| Borther/Sisters | : | 1-Brother |
| Maternal Place | : | Ahmedabad |
| Father | : | Ashish Narendraprasad Bhatt |
| Address | : | 24, Jalaram Park Society, Bhairavrnath Road, Kankaria, Ahmedabad |
| Phone No. | : | - |
| Mobile No. | : | 9825060501, 9825021898 |
| E-mail | : | anbhatt21@gmail.com |
| Choice | : | Good Look, Graduate English Medium |
| Note | : | Canadian Citizen |

| | | |
|---|---|---|
| Gotra | : | Lankanashy |
| Nakshatra | : | Jeshtha |
| Rashi | : | Vrishchik |
| Nadi | : | Adya |
| Gan | : | Rakshas |
| Varna | : | Vipra |
| Yoni | : | Mrig |
| Varg | : | Mrig |



| | | |
|---|---|---|
| નામ | : | ચિ. પૃથ્વિશ રાજેન્દ્રકુમાર કોટડીયા |
| ઊંચાઈ | : | ૫'–૭'' |
| વજન | : | ૭૫ કિલો |
| જન્મ તારીખ | : | ૨૯–૦૭–૧૯૯૮ |
| જન્મ સમય | : | ૧૧.૪૦ રાત્રે |
| જન્મ સ્થળ | : | ભરૂચ |
| અભ્યાસ | : | બી.ઈ. ઈલેક્ટ્રિકલ, એમ. ઈલેક્ટ્રિકલ અને કમ્પ્યુટર (યુનિવર્સિટી ઓપ કેલગરી, કેનેડા) |
| વ્યવસાય | : | નોકરી |
| માસિક આવક | : | – |
| મૂળ વતન | : | કણજરી, તા. નડિયાદ, જી. ખેડા |
| માતાનું નામ | : | જાગૃતિબેન રાજેન્દ્રકુમાર કોટડીયા |
| ભાઈ/બહેન | : | ૧–બહેન–અપરણિત |
| મોસાળ | : | સ્વ. રમેશચંદ્ર હરિપ્રસાદ દવે–મામા (કેતન આર. દવે – (મો.) ૯૯૭૪૦૬૨૧૧૯, વિપુલ આર. દવે – (મો.) ૯૩૨૭૩૫૭૩૨૪, ઉમરેઠ, હાલ વડોદરા |
| પિતા | : | રાજેન્દ્રકુમાર શંકરલાલ કોટડીયા |
| સરનામું | : | બી–૭, ગ્રીનલીફ ૧૬, પ્રિયા સિનેમા પાછળ, રોઝડેલ બંગલોઝ સામે, સેવાસી ભાયલી રોડ, ન્યુ અલકાપુરી સેવાસી ટી.પી. –૨, વડોદરા–૩૯૧૧૦૧ |
| ફોન નં. | : | ૯૪૨૬૮૬૪૯૨૧ રાજેન્દ્રકુમાર, ૯૪૨૮૫૧૧૨૦૯ જાગૃતિબેન |
| ઈ–મેઈલ | : | rajendrakotadia1965@gmail.com |
| સંપર્ક | : | ઉપર મુજબ |
| સરનામું | : | બી–૧૭૭, એન ટી પી સી ટાઉનશીપ, પો. ઊર્જાનગર, ઝનોર, તા.જી. ભરૂચ–૩૯૨૨૧૫ |
| પસંદગી | : | સંસ્કારી, મિલનસાર, કૌટુંબિક ભાવનાવાળું, શાકાહારી |
| નોંધ | : | હાલ–૨૦૨૫ સુધી એન.ટી.પી.સી., ઝનોરના સરનામે સંપર્ક કરવો. |
| ગોત્ર | : | લંકાનસ |
| નક્ષત્ર | : | ચિત્રા |
| રાશિ | : | કન્યા |
| નાડી | : | મધ્ય |
| ગણ | : | રાક્ષસ |
| વર્ણ | : | વૈશ્ય |
| યોનિ | : | વ્યાઘ્ર |
| વર્ગ | : | ઉંદર |



## ભેટ

- મારા પૌત્ર ચિ. મૃગાંક સદૈવ ઘનશ્યામભાઈ શુકલ એરોનોટીકલ એન્જીન્યરીંગમાં (વાસદ) ૯.૫૦ C.G.P.A. સાથે ઉત્તીર્ણ થઈ હાલ પૂના ખાતે માસ્ટર ડીગ્રી કરી રહેલ છે. ઘનશ્યામભાઈ કરૂણાશંકર શુકલ– આણંદ તરફથી સંસ્થાને રૂ. ૨૫૧/– ભેટ મળેલ છે.
- મારા દૌહીત્ર ચિ. ઋત્વિક કમલેશકુમાર દવે (આણંદ) B.E. ઈલેક્ટ્રીકલ એન્જીનીયર થઈ M.Sc. એન્જીન્યરીંગ મેનેજમેન્ટ, ઈસ્ટ લંડન યુનીવર્સીટી UK માંથી માસ્ટર ડીગ્રી મેળવી ઉત્તીર્ણ થયેલ છે. હાલ લંડનમાં વર્ક વીઝ ઉપર છે. ઘનશ્યામભાઈ કરૂણાશંકર શુકલ– આણંદ તરફથી સંસ્થાને રૂ. ૨૫૧/– ભેટ મળેલ છે.

---

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## સુજ્ઞ જ્ઞાતિજનો તથા બાજખેડાવાળ પત્રિકાના આજીવન સભ્યો

જય ભારત સાથે જણાવવાનું કે બાજખેડાવાળ પત્રિકામાં અગાઉ જન્માક્ષરો ખૂબ જ પ્રમાણમાં આવતા હતા પરંતુ હાલ ઘણા બધા માધ્યમો જેવા કે, વ્હોટસએપ, ફેસબુક, મેરેજ કોન્ફરન્સ ચાલુ થયા હોવાને કારણે દિવસે દિવસે સંખ્યામાં ઘટાડો થતો જાય છે તથા ગામે ગામની પ્રવૃતિના જે અહેવાલ છપાતા હતા તે પણ હવે નહીવત થઈ ગયા છે જેને કારણે દરેક ગામે પોતાના વ્હોટસએપ ગ્રુપ બનાવેલ છે જે પ્રચાર પ્રસારનું માધ્યમ બનેલ છે. આપણે છેલ્લા ૬–૮ મહિનાથી પત્રિકાના અડધા પેજ છાપીને પ્રસિદ્ધ કરવાના પ્રયત્નોમાં હતા. આમ છતાં ૧૬ પેજની મેટર પૂરી પડતી નથી આવા સંજોગોમાં પત્રિકા બંધ કરવાની પણ ફરજ પડે. પરંતુ આપ સૌને પત્રિકા તો પહોંચાડવી જ છે. તેવા સંજોગોમાં નીચે મુજબની વિગતથી મોકલેલ માહિતીને સ્કેન કરી આપશ્રી પત્રિકાના વ્હોટસ અપ માધ્યમમાં જોડાઈ શકો છો.

**બાજખેડાવાળ પત્રિકા માટે**

**BAJKHEDAWAL PATRIKA2**

WhatsApp group

Registered Under RNI No. GUJGUJ/2007/20537 date 24-07-07 Permitted to Post at PSO Ahmedabad on last day of month Regd. Under Postal Regd. No. GAMC-705/2022-24 issued by SSP Ahmedabad valid & Renewed upto Dt. 31-12-2024 LPWP No. PMG / NG / 100 / 2022-2024 valid upto 31-12-2024 Published on 27th Every Month

**WebSite પર પત્રિકા મેળવવા માટે**

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા પ્રકાશિત થતી માસિક "બાજખેડાવાળ પત્રિકા" આપ સર્વે http://abbhs.in પર Patrika વિભાગ પર ક્લિક દરેક માસની પત્રિકા ડાઉનલોડ કરી જોઈ શકશો.

**What's APP પર પત્રિકા મેળવવા માટે**

છેલ્લા ઘણાં સમયથી પોસ્ટ ઓફિસમાં પત્રિકા નહી મળવાની તેમજ મોડી મળવાની ફરિયાદો આવે છે. જેમાં સંસ્થા દ્વારા કંઈ પણ કરી શકાય તેવી પરિસ્થિતિમાં નથી. પત્રિકા મેળવવા માટે એક જાહેરાત આપેલ છે જે સ્કેન કરી તમે પત્રિકા What's APP માધ્યમથી દર મહિને જોઈ શકો છો જેની નોંધ લેશો પત્રિકાના હયાત સભ્યો પણ આ લાભ લઈ શકે છે આમ છતાં આપને કોઈ તકલીફ હોય આમાં જોડાવામાં તો સંસ્થાની ઓફિસના નંબર પર ૭૫૭૩૯૭૮૪૭૭ પર ભાવેશભાઈ પંડયાનો સંપર્ક કરી શકશો. કાયમી ઉકેલ લાવવાના શુભ આશયથી વિના મૂલ્યે What's APP ગ્રુપ ચાલુ કરેલ છે તેનો લાભ લેવા નમ્ર વિનંતી. ગામે ગામના પ્રમુખોને આ લાભ લેવા માટેની માહિતી આપેલ છે જેની ખાસ નોંધ લેશો.

**માલિક – પ્રકાશક – મુદ્રક – પ્રકાશન સ્થાન**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વતી અને તરફથી શ્રી જગતભાઈ એચ. દવે** દ્વારા ધર્મેશ પ્રિન્ટોરીયમ, પ્રેસ, બી–૬, ૨૩ અને ૧૨–બી અગ્રવાલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, અગ્રવાલ આઈસ ફેક્ટરી કંમ્પાઉન્ડ, દુધેશ્વર, અમદાવાદમાં છપાવી બાજખેડાવાળ પત્રિકા નં.૧–૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ–૮થી પ્રકાશિત કર્યું. (મો.) : ૭૫૭૩૯૭૮૪૭૭

(M) 9898535030, 9974127810